વર્ષ ૨૦૨૩-૨૪ની નવી બાબત

રાજ્યમાં ઇ્ન્ટારી સિસ્ટમ શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/WWM/e-file/23/2023/0176/A

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા. ૨૫/૦૧/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:WCDWW/0282/02/2023

પ્રસ્તાવના:

રાજ્યની મહિલાઓ મદદ માટે વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો તેમજ મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરે છે. ઉક્ત કેન્દ્રો/કચેરીઓ જરૂરિયાત મુજબ તેઓને અન્ય માળખામાં રિફર કરવામાં આવે છે, જેમાં હાલ મહિલાઓને દરેક માળખામાં પોતાની વ્યક્તિગત વિગતો દર વખતે આપવી પડે છે જેથી મહિલાઓને મુશ્કેલી થાય છે તેમજ રાજ્ય કક્ષાએ મહિલાઓ ઉપર થતી હિંસાની વિગતોમાં આંકડાકીય માહિતીમાં પણ ઓવરલેપ થાય છે, આ સમસ્યાના નિરાકરણ માટે નિયામકશ્રી,મહિલા કલ્યાણની કચેરી,ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળના તા.૨૫/૦૧/૨૦૨૩ના પત્રથી e-NARI (Network of Advice, Referral and Information) for Women Empowerment સિસ્ટમ તૈયાર કરવા માટે સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં રૂ.૫૫.૩૪ લાખ(અંકે રુપિયા પંચાવન લાખ ચોત્રીસ હજાર પૂરા)ની નવી બાબત તરીકે મંજુરી આપવા દરખાસ્ત રજુ કરેલ હતી, જે દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

ગુજરાત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ, દ્વારા રાજ્યમાં મહિલાઓની સામાજીક સુરક્ષા અને સલામતી, કાયદાકીય અને જાતીય હક્કોનાં રક્ષણ, પુનઃસ્થાપન, અને તેઓના કલ્યાણ હેતુ વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. જેમાં શક્તિ સદન, સખી નિવાસ, નારી સંરક્ષણ કેન્દ્ર તેમજ સખી વન સ્ટોપ સેન્ટર તેમજ રાજ્ય પુરસ્કૃત યોજનાઓ, પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇન, કુટુંબ સલાહ કેન્દ્ર વગેરે અમલીકરણ હેઠળ છે.

હાલમાં સદરહુ સરકારી કચેરીઓ/ખાનગી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ મહિલાલક્ષી સેવાઓ પૈકી મોટાભાગની સેવાઓમાં મેન્યુઅલી કાગળ ઉપર માહિતીનું સંગ્રહ કરવામાં આવતું હોવાથી પીડિત મહિલા કે લાભાર્થી મહિલાઓની માહિતીનું ઈન્ટીગ્રેશન અને ડેટા-ટ્રેકિંગ કરવું મુશ્કેલ બનતું હોય છે. પીડિત મહિલાઓને તેઓની જરૂરીયાત અનુસાર વિવિધ વૈકલ્પિક સેવાઓ ઉપલબ્ધ છે અને તેઓ દ્વારા લેવામાં આવેલ સેવાઓની માહિતીનું ઈન્ટીગ્રેશનનું માધ્યમ ન હોવાના કારણે એક જ લાભાર્થી/પીડિત મહિલા માટે અલગ-અલગ સંસ્થાઓ દ્વારા સેવાનું પુનરાવર્તન થવા પામતું હોય છે. હાલમાં એવું કોઈ ઓનલાઇન સુગ્રથિત રિપોર્ટીંગ કરવા માટે માધ્યમ ઉપલબ્ધ ન હોવાથી લાભાર્થી/પીડિત મહિલાની ફરિયાદનું ટ્રેકિંગ અને તેના નિકાલની સમયમર્યાદાનું નિયમન કરવું જરૂરી છે.

વધુમાં એકીકૃત માહિતીના અભાવે આ તમામ યોજનાઓની વિવિધ મહિલાલક્ષી કામગીરીનું માપન, મૂલ્યાંકન કે નિરીક્ષણ થઇ શકતું નથી. વિવિધ સંસ્થાઓ /કચેરીઓ અલગ-અલગ રીતે કામગીરી કરતી હોવાથી આ સંસ્થાઓ એક-બીજા સાથે માહિતીનું આદાન-પ્રદાન ન કરી શકતી હોવાથી વધુમાં વધુ લાભાર્થીઓ સુધી સેવાઓ પહોંચી શકતી નથી. તેમજ પરિણામલક્ષી સેવાઓ લાભાર્થી/પીડિત મહિલાને પૂરી પાડી કેસનો નિકાલ કરી જરૂરી ફોલો-અપની પ્રક્રિયા ન થવાના કારણે લાભાર્થી/પીડિત મહિલાને સંતોષકારક સેવા મળેલ છે કે કેમ તેવો ડેટા ઉપલબ્ધ થતો નથી. જેના કારણે જરૂરીયાત અનુસાર સરકારી તંત્રમાં કોઇપણ કક્ષાએ જરૂર મુજબ આ માહિતી મેળવવામાં મુશ્કેલી રહે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત મહિલાલક્ષી કામગીરીમાં જોડાયેલ તમામ સંસ્થાઓ થકી કરવામાં આવતી વિવિધ યોજનાકીય કામગીરીના ડેટાનું સંકલન,એકીકૃત માહિતી સંગ્રહ, ટ્રેકિંગ અને સમયમર્યાદાનું નિયમન, કામગીરીનું નિરીક્ષણ અને મુલ્યાંકન, યોગ્ય ફોલો-અપ અને ફરિયાદનું સમયસર નિવારણ અને તેની સંક્ષિપ્ત માહિતી વગેરેનું ઈન્ટીગ્રેશન એક જ સ્થાને રિપોર્ટીંગ પોર્ટલના માધ્યમથી કરી શકાય તે માટે e-NARI (Network of Advice, Referral and Information) હેઠળ સેવા કાર્યાન્વિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.આ યોજનાની વિગતો નીચે મુજબ છે.

(૧) e-NARI સિસ્ટમનો ઉદ્દેશ્ય:

- મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલી વિવિધ માળખાગત સંસ્થાઓ દ્વારા કાર્યવંત મહિલાલક્ષી યોજનાઓ હેઠળ લાભાર્થી/પીડિત મહિલાઓને પૂરી પાડવામાં આવતી સેવાઓનું અસરકારક મોનીટરીંગ ડેટાનું સંકલન,એકીકૃત ફરિયાદ સંગ્રહ ટ્રેકિંગ અને સમયમર્યાદાનું નિયમન ફોલો અપ,સમયસર કેસનો નિકાલ અને તેની સંક્ષિપ્ત માહિતી રાખવી.
- મહિલા કલ્યાણ શાખાના વિવિધ માળખા વચ્ચે સંચાર વ્યવસ્થાને મજબૂત કરવી
- મહિલા આને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યાન્વિત વિવિધ મહિલાલક્ષી યોજનાઓનું મોનીટરીંગ અને મુલ્યાંકન સ્તર સુદઢ કરવું અને યોજનાઓ ઉપર દેખરેખ અને સુધારો.

(૨) યોજનાનો સમયગાળો:

- યોજનાનો સમયગાળો ૫ વર્ષનો રહેશે.

Signature Not Verified
Signed by:J P Vasava
Deputy Secretary Incharge
Date: 2023.06.27 15:46:29 +05:30

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૩) લક્ષિત જૂથો:

- હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓ અને બાળકો

(૪) અમલીકરણ કરનાર તંત્ર:

- રાજ્યકક્ષાએ -ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ
- જીલ્લા કક્ષાએ –મહિલા અને બાળ અધિકારીશ્રી તમામ મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત તમામ મહિલા સુરક્ષા લક્ષી યોજનાઓ આવરી લેવાની રહેશે.

(૫) e-NARI (Network of Advice, Referral and Information) માટે જરૂરી તાંત્રિક પાસાઓ :

- તમામ બહોળા વિજાણુ ઉપકરણો પર ચલાવી શકાય તેવી સિસ્ટમ/એપ્લીકેશન ડેવલપ કરવી.

(૬) e-NARI (Network of Advice, Referral and Information) હેઠળની સેવાઓ અને કાર્યપ્રણાલી:

- મહિલા આને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલી વિવિધ માળખાગત સરકારી/ખાનગી સંસ્થાઓ થકી કાર્યાન્વિત મહિલાઓની સુરક્ષાલક્ષી યોજનાઓને **e-NARI** સેવા હેઠળ આવરી લેવાની રહેશે.
- તમામ સંસ્થાઓ માટે તમામ બહોળા વિજાણુ ઉપકરણો પર ચલાવી શકાય તેવી સિસ્ટમ/એપ્લીકેશન તૈયાર કરવામાં આવશે અને System માં દરેક સંસ્થાએ પ્રત્યેક લાભાર્થી/પીડિત મહિલાનો કેસની માહિતી રજીસ્ટર કરવાની રહેશેઅને યુનિક આઈ.ડી બનાવવાનો રહેશે.
- દરેકે-દરેક કેસ **e-NARI** માં રજીસ્ટર થશે અને પ્રત્યેક રજીસ્ટર થયેલ કેસનું પ્રારંભથી કેસનાં નિકાલ સુધીનું**e-NARI** માં ટ્રેકિંગ થશે.
- લાભાર્થી/પીડિત મહિલાના જરૂરી ઓળખ માટેના દસ્તાવેજ અપલોડ કરવાની વ્યવસ્થા હશે ,જે વૈકલ્પિક રહેશે .
- દરેક સંસ્થાને અલગ-અલગ Log-in id અને Password પુરા પાડવામાં આવશે જેથી રજીસ્ટર થયેલ કેસની કામગીરી અને લાભાર્થી/પીડિત મહિલાની પ્રોફાઈલની માહિતી ઓનલાઈન મેળવી શકાશે.
- **e-NARI** પર ડેશબોર્ડ તૈયાર કરવામાં આવશે જેના થકી **e-NARI** માં રહેલ જરૂરી માહિતી ,રીપોર્ટસ વગેરે રીપોર્ટીંગ યુનિટ ,રાજ્ય કક્ષાએ ,અને CM ડેશ-બોર્ડ પર પ્રદર્શિત થઇ શકશે.
- તમામ સંસ્થાઓને ટેકનીકલ મુશ્કેલીઓના નિરાકરણ માટેIT હેલ્પ-ડેસ્કની સેવા કાર્યરત રાખવામાં આવશે.
- સંસ્થાઓને નવી **e-NARI** સિસ્ટમનાં ઉપયોગ વિશે માહિતગાર કરવા અને વપરાશની કાર્યપ્રણાલીને સમજાવવા હેલ્પડેસ્ક મદદરૂપ બનશે.
- મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કાર્યરત તમામ .યુનિટ સાથે સંકલનમાં સિસ્ટમ કામ કરશે
- લાભાર્થી/પીડિત મહિલાઓને ટ્રેક કરવા સંસ્થાઓ ખાતે પીડિત મહિલાનાં મોબાઈલ નંબર અથવા અન્ય ઓળખ પુરાવા થકી ભૂતકાળમાં મેળવેલ સેવાઓની માહિતી સંસ્થા ખાતે મળી રહેશે.
- **e-NARI સિસ્ટમ હેઠળ મળેલ સંબંધિત મહિલાની માહિતીની ગુપ્તતા જાળવવાની રહેશે.**

(૭) e-NARI (Network of Advice, Referral and Information) સેવા હેઠળ મહિલા અને બાળ વિકાસ વિભાગની ભૂમિકાઓ:

- તમામ સંસ્થાઓની સંપર્ક નંબર ,સરનામું ,અને કામના પ્રકાર સહિતની જરૂરી માહિતી પૂરી પાડવી
- યોજનાવાર કેસ)ફરિયાદ (અન્વયે કરવાની થતી કાર્યવાહી અને કેસના નિરાકરણ માટેની કાર્યપ્રણાલી સહીતની વિગતો પૂરી પાડવી
- યોજનાવાર કેસ/ફરિયાદ અન્વયે માળખાગત રીપોર્ટીંગ કાર્યપ્રણાલીની વિગતો પૂરી પાડવી.
- સંસ્થાઓમાં આવતા કેસોનાં રીપોર્ટીંગ માટેનું ટૂંકું અને સચોટ યુનિક ફોર્મેટ નિયત કરી પૂરું પાડવું
- CAPEX અને OPEX બજેટ આયોજન કરી ફાળવણી કરવી.
- વિવિધ સંસ્થાઓ સાથે અસરકારક સંકલન માટે રાજ્ય/જીલ્લા કક્ષાએ નોડલ ઓફિસર નિયુક્ત કરવા.
- અસરકારક અમલીકરણ અને નીતિવિષયક નિર્દેશો માટે વિવિધ વિભાગો સાથે સમીક્ષા,નિરીક્ષણ અને સંકલન.
- તમામ રીપોર્ટીંગ યુનિટની તાલીમનું આયોજન ,સંકલન અને અમલીકરણ કરવું

(૮) e-NARI (Network of Advice, Referral and Information) સેવા હેઠળ નિયત થયેલ અમલીકરણ એજન્સીની ભૂમિકાઓ:

- સદરહુ સેવા ૨૪x ૭ કાર્યરત રાખવા જરૂરીયાત મુજબ તાલીમબદ્ધ મેનપાવર રોકવા
- તમામ સંસ્થાઓને ટેકનીકલ મુશ્કેલીઓના નિરાકરણ માટે**e-NARI** હેલ્પ-ડેસ્કની સેવા કાર્યરત રાખવી
- સંસ્થાઓને નવી **e-NARI** સિસ્ટમનાં ઉપયોગ વિશે માહિતગાર કરવા અને વપરાશની કાર્યપ્રણાલીને સમજાવવા ઓનલાઈન તાલીમ આયોજન કરવું.
- ઈન્ટીગ્રેટેડ રિસ્પોન્સ સેન્ટર દ્વારા સર્વિસ પ્રોવાઈડર સંસ્થાઓને એક્ટીવેટ કરવી
- ડોક્યુમેન્ટેશન અને રેકર્ડ મેઈન્ટેન કરવા
- **e-NARI** નાં કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર ખાતે **e-NARI** સેન્ટ્રલ સર્વર સ્થાપિત કરી જાળવણી કરવી

(૯) e-NARI (Network of Advice, Referral and Information) સિસ્ટમ સાથે આવરી લેવામાં આવનાર માળખાઓ:

- ૧૮૧ મહિલા હેલ્પલાઈન
- સ્ટેટ અને ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન
- શક્તિ સદન
- સખી નિવાસ
- પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર
- પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર

Signature Not Verified
Signed by:J P Vasava
Deputy Secretary Incharge
Date: 2023.06.27 15:46:29 +05:30

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- મહિલા બાળ અધિકારીશ્રી/દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રીની કચેરી
- વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો /સેવા પ્રદાતા
- નારી સંરક્ષણ ગૃહ/કેન્દ્ર
- નારી અદાલત
- "સખી" વન સ્ટોપ સેન્ટર
- કુટુંબ સલાહ કેન્દ્ર

(૧૦) દેખરેખ અને નિયંત્રણ:

e-NARI (Network of Advice, Referral and Information) સોફ્ટવેરની કામગીરીનાં મુલ્યાંકન માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

૧	સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.	અધ્યક્ષ
૨	નિયામકશ્રી (મહિલા કલ્યાણ)	સભ્ય
૩	નાયબ નિયામકશ્રી(યોજના)	સભ્ય સચિવ
૪	સભ્યસચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ	સભ્ય
૫	નાયબ સચિવશ્રી,મહિલા અને બાળ વિભાગ	સભ્ય
૬	અમલીકરણ એજન્સીના પ્રતિનિધિ.	સભ્ય

- આ સમિતિ દર છ માસે બોલાવવાની રહેશે, બેઠકનું કોરમ ત્રણ સભ્યોનું રહેશે.
- e-NARI (Network of Advice, Referral and Information)સોફ્ટવેરની કામગીરીની પ્રગતિની સમિક્ષા કરવાની રહેશે.
- નીતિવિષયક સૂચનો/ નિર્ણયો કરવાના હોય તેની સમીક્ષા કરશે.
- આ સમિતિના અધ્યક્ષ ઇચ્છે તો કોઇ અન્ય સભ્યને આમંત્રિત કરી શકશે.
- ખાસ સંજોગોમાં સમિતિના અધ્યક્ષ આ સમિતિની બેઠક બોલાવી શકશે.

(૧૧) નાણાકીય શરતો :-

રાજ્ય સરકારના 100% ફાળા પેટે**e-NARI (Network of Advice, Referral and Information)** સિસ્ટમ માટે કુલ ૩ .૫૫.૩૪ લાખ(અંકે રુપિયા પંચાવન લાખ ચોત્રીસ હજાર પૂરા) ની વર્ષ ૨૦૨૩-૨૪ની નવી બાબતને નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) ઇ નારી સિસ્ટમ માટે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના વખતોવખતના નિયમોનુસાર અને તે વિભાગના સંકલનમાં રહીને કામ કરવાનું રહેશે.

(૨) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે. .

(૫) આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે. અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.

(૬) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

(૭) ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

(૮) ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

(૯) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

(૧૦) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઇન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૧૨) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

(૧૪) જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

Signature Not Verified
Signed by:J P Vasava
Deputy Secretary Incharge
Date: 2023.06.27 15:46:29 +05:30

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૧૬) પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૭) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી,મહિલા કલ્યાણ એ રાખવાની રહેશે.

(૨૩) આ યોજનાનો અમલ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(૨૪) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૨૫) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૨૬) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૨૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૨૮) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૨૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૩૦) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૩૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૩૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

સદર ખર્ચ નીચે મુજબના બજેટ સદરે કરવાનો રહેશે.

માંગણી ક્રમાંક - ૧૦૬ (મહેસુલી), મુખ્ય સદર - ૨૨૩૫ સમાજ સુરક્ષા અને કલ્યાણ, પેટા સદર - ૦૨ સમાજ કલ્યાણ, ગૌણ સદર - ૧૦૩ મહિલાઓનું કલ્યાણ, પેટા સદર - ૩૨ WCD- મહિલા હેલ્પલાઈન

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૦૫/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયશ્રી વસાવા

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ:

- માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી , સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકસા કમિશ્નરની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ (બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ,બ્લોક નં.૯/૮, સચિવાલય,ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ,બ્લોક નં.૯/૮,સચિવાલય,ગાંધીનગર
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:J P Vasava
Deputy Secretary Incharge
Date: 2023.06.27 15:46:29 +05:30

Open the document in Adobe Acrobat DC to verify the E-sign